જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૪૦૬ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૯ બિયર ટીન, ૦૧ રિક્ષા, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૮,૭૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિજ કરંટ લાગતા મૃત્યુંઃ– **સમાચાર યાદી નં.૧૧૭૫/૨૦૨૬**

મણીનગરઃ વટવા નીલકંઠ સોસાયટી ખાતે રહેતા અનુજ સુરેશભાઈ ડામોર (ઉ.વ.૧૮) (મુળ વતન. દાહોદ) નાઓ તા.૧૮/૦૮/૨૦૨૬ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા મણીનગર મુક્તિમેદાન નવા બનતા મકાન ખાતે ભરાઈ મશીન (મિકચર મશીન) ઉપર મજુરી કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને મણીનગર એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૮/૨૦૨૬ કલાક ૦૮/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.પરમાર ચલાવે છે.

અપમૃત્યું– **સમાચાર યાદી નં.૧૧૭૬/૨૦૨૬**

નારણપુરાઃ નારણપુરા શાસ્ત્રીનગર જે.કે.જીમખાનાની બાજુમાં વર્ટીક્ષ પ્રોજેક્ટની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા રોહિત સ/ઓ મેહેરબન માંઝી (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ–દતીયા તા.જી–દતીયા મધ્યપ્રદેશ) તા.૨૩/૦૮/૨૦૨૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે સાઈટના આઠમા માળે કલર કામ કરતા હતા ત્યારે આઠમા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વાડજ દ્વારકેશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચિંતન પ્રવિણભાઈ ચલાવે છે.

અમરાઇવાડીઃ અમરાઇવાડી લક્ષ્મીનગર હનુમાનનગર સત્યમનગર શાક માર્કેટની બાજુમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની નવી બનતી બિલ્ડીંગ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા સેજલબહેન વા/ઓફ અલ્કેશભાઇ ડાંગી (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ–આંબા તા–જાલોદ જી–દાહોદ) તા.૧૯/૦૮/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મજુરી કામ કરતા હતા ત્યારે ઢોળાયેલ પાણીમાં પગ પડતા લપસી જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને કેર એન્ડ ક્યોર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૮/૨૦૨૬ કલાક ૦૦/૦૧ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.રોહિત ચલાવે છે.

રિવરફ્રંટ ઈસ્ટઃ અશરફખાન હુશૈનખાન પઠાણ (ઉ.વ.૭૨) (રહે. જુના લેબર કવાર્ટર્સ એસ.ટી.રોડ બહેરામપુરા) એ બિમારીથી કંટાળી તા.૨૨/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૪૫ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ આંબેડકર બ્રીજ ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રણજીતસિંહ જેશીંગસિંહ ચલાવે છે.

નારોલઃ નારોલ ગામ વસંતવિહાર સોસાયટી ખાતે રહેતા સોહનભાઈ જયરાજભાઈ કુંઢીયા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૬ બપોરના ૦૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

નિકોલઃ કાર્તિક ભરતભાઈ પાનસુરીયા (ઉ.વ.૨૮) (રહે. સરિતાનગર સોસાયટી નિકોલ ગામ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૬ કલાક ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને કોઠીયા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી